| | |
|---|---|
| | દાખલ થયા તારીખ:-૨૪/૦૯/૨૦૨૫ |
| | રજીસ્ટર થયા તારીખ:-૨૪/૦૯/૨૦૨૫ |
| | જાહેર કર્યા તારીખ:-૦૮/૦૪/૨૦૨૬ |
| | સમય:- વર્ષ-૦૦,માસ-૦૬,દિવસ-૧૫ |

सत्यमेव जयते

## મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ ગરૂડેશ્વર, જી.નર્મદા

ક્રિમીનલ કેસ નંબર-૧૬૪૫/૨૦૨૫

આંક-

**ફરીયાદી:** સરકારશ્રી

**વિરૂધ્ધ**

**આરોપી:** (૧) સચિનભાઇ ગોરધનભાઇ ભીલ
રહે.ચિચડીયા,નિશાળ ફળીયુ,તા.ગરૂડેશ્વર,જી.નર્મદા

**ગુનો:** ભારતીય ન્યાય સંહિતાની કલમ-
૩૨૯(૩),૭૪,૩૫૨,૩૫૧(૨) મુજબ

-------------------------------------

સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી આર.બી.વસાવા

આરોપી તરફે વિ.વ.શ્રી યુ.આર.તડવી

-------------------------------------

## <u>જજમેન્ટ</u>

**(૧)** આ કામના ફરીયાદીની હકીકત એવી છે કે, આ કામના ફરીયાદીબેનના ઘરે તા.૨૩/૦૪/૨૦૨૫ ના રોજ ફરીયાદીની મોટી બેન રીટાબેનના લગ્ન પ્રસંગ હોઇ જે લગ્ન પ્રસંગની ગ્રહશાંતિના સમયે રાતના આશરે અગિયારેક વાગ્યા સમયે ફરીયાદીના ઘરમાં બીજા માણસો તૈયાર થતા હતા અને ફરીયાદીબેન પોતાના ઘરની અડાળીમાં ઉભી હતી તે વખતે આ કામનો

આરોપી ફરીયાદીબેનના અડાણીમાં ઘુસી આવેલો ફરીયાદીને કહેલ કે, તુ મારી સાથે ચાલ જેથી ફરીયાદીએ આરોપી સાથે જવાની ના પાડતા આ કામના આરોપીએ ફરીયાદીબેનને મા–બેન સમાળી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી ફરીયાદીને શરીરે પકડી લીધેલ અને ફરીયાદીબેને પહેરેલ ચોલીનો બ્લાઉઝ આગળના ભાગે ફાડી નાંખેલો જેથી ફરીયાદીબેન જોર જોરથી બુમો પાડતા આ કામનો આરોપી ભાગી ગયેલ અને તા.૨૪/૦૪/૨૦૨૫ ના રોજ ફરીયાદીબેનના મોટાબેન રીટાબેનનુ આણુંવાળીને ઘરે તેડી લાવેલા અને રાત્રીના સમયે ફરીયાદીબેન તથા તેના મામા સુરેશભાઈ રાજુભા ભીલ તથા મામી સુમિત્રાબેન સુરેશભાઈ ભીલનાઓ સાથે પોતાના ઘરની બહાર સુતા હતા તે વખતે તમો આરોપીએ સંતાઈને નાના નાના પથ્થરો મારી કાંકરી ચાળો કરતો હતો અને તા.૨૮/૦૪/૨૦૨૫ ના રોજ રાત્રીના આશરે બારથી એકાદ વાગ્યાના અરસામાં તમો આરોપીએ ફરીયાદીબેનના ઘરના પાછળનો દરવાજો ખોલી ગેર કાયદેસર રીતે ઘરમાં પ્રવેશ કરી ફરીયાદીબેન પાસે ગયેલા અને ફરીયાદીને જણાવેલ કે, તુ મારો ફોન કેમ ઉપાડતી નથી તે અરસામાં ફરીયાદીના નાના ભાઈ કેતનભાઈએ જોઈ જતા ફરીયાદીબેનના ભાઈએ પોતાના મમ્મી પપ્પાને જગડેલા જેથી તમો આરોપી ફરીયાદીબેનના દાદીમા નંદુબેનના ખાટલા નીચે સંતાઈ જઈ ગુનો કર્યો બાબત.

**(૨)** બનાવની વિગતવારની ફરીયાદ,ગરૂડેશ્વર પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. પાર્ટ એ.૧૧૮૨૩૦૦૯૨૫૦૩૪૭/૨૦૨૫ થી દાખલ થતા આ કામે ગુનો દાખલ કરી તપાસ કરનાર અધિકારી ધ્વારા તપાસ કરી જરૂરી પુરાવો રજૂ કરી આરોપીઓ સામે પુરતા પુરાવા મળી આવતા ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ–૧૭૩(૨) મુજબ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૨૯(૩),૭૪,૩૫૨,૩૫૧(૨) મુજબ મુજબ હાલનું ચાર્જશીટ રજુ કરતા આ કેસ ઉપસ્થિત થયેલ છે.

**(૩)** પોલીસ અહેવાલ રજુ થતા ફોજદારી કાર્યરીતિ સંહિતા કલમ – ૧૯૦(૧)(ખ) આધારે આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૨૯(૩),૭૪,૩૫૨,૩૫૧(૨) મુજબના ગુના અંગેનું સંજ્ઞાન લઈ, કલમ–૨૦૪ અન્વયે સમન્સ કરતા આરોપી હાજર થતા કલમ –૨૦૭ મુજબ

પોલીસ અહેવાલ તથા અન્ય દરસ્તાવેજોની નકલ મળી ગયા અંગેની ખાતરી કર્યા બાદ આંક–૪ થી તહોમતનામું ફરમાવી આંક–૫ અન્વયે પ્લી નોંધવામાં આવતા તે વાંચી સંભળાવતા અને સમજાવતા ગુના અંગે પૂછવામાં આવતા ગુન્હો કર્યાં અંગેનો ઈન્કાર કરતા ફરીયાદપક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) ફરીયાદ પક્ષે પોતાનો કેસ સાબિત કરવા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**::મૌખિક પુરાવા::**

| **ક્રમ** | **આંક** | **સાહેદનું નામ** |
|---|---|---|
| ૧. | ૦૬ | ફરીયાદી સંગીતાબેન અર્જુનભાઇ ભીલની સોગંદ પરની જુબાની |

**::દસ્તાવેજી પુરાવા::**

| **ક્રમ** | **આંક** | **દસ્તાવેજની વિગતો** |
|---|---|---|
| ૧. | ૦૭ | ફરીયાદ |
| ૨. | ૦૮ | બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબ નિવેદન |
| ૩. | ૦૯ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| ૪. | ૧૦ | જપ્તી પંચનામું |
| ૫. | ૧૧ | કપડા કબ્જે કર્યાનુ પંચનામુ |

ઉપર મુજબનો પુરાવો રજુ થયા બાદ ફરીયાદપક્ષ તરફે તેઓ વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોવા અંગેની કલોઝિંગ પુરસીસ આંક–૧૨ થી રજુ કરેલ છે.

(૫) આ કામે આરોપીપક્ષ તરફે કોઈપણ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.

(૬) ત્યારબાદ સદર કામ આરોપીઓનુ બી.એન.એસ.એસની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધાવા માટે રાખવામાં આવેલ પરંતુ આરોપીઓનુ વિશેષ નિવેદન નોંધવાલાયક પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય આરોપીઓનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૭) આ કામે અદાલતે વિ.સરકારી વકીલશ્રી તથા આરોપીના વિ.વ.શ્રીને

સાંભળેલ છે.

(૮) આમ આ કામે રેકર્ડ ઉપર આવેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા, આ કેસના ન્યાયિક નિર્ણય માટે અત્રેની અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓ**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકિકત પુરવાર કરે છે કે,આ કામના ફરીયાદીબેનના ઘરે તા.૨૩/૦૪/૨૦૨૫ ના રોજ ફરીયાદીની મોટી બેન રીટાબેનના લગ્ન પ્રસંગ હોઇ જે લગ્ન પ્રસંગની ગ્રહશાંતિના સમયે રાતના આશરે અગિયારેક વાગ્યા સમયે ફરીયાદીના ઘરમાં બીજા માણસો તૈયાર થતા હતા અને ફરીયાદીબેન પોતાના ઘરની અડાળીમાં ઉભી હતી તે વખતે આ કામનો આરોપી ફરીયાદીબેનના અડાણીમાં ઘુસી આવેલો ફરીયાદીને કહેલ કે, તુ મારી સાથે ચાલ જેથી ફરીયાદીએ આરોપી સાથે જવાની ના પાડતા આ કામના આરોપીએ ફરીયાદીબેનને મા-બેન સમાળી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી ફરીયાદીને શરીરે પકડી લીધેલ અને ફરીયાદીબેને પહેરેલ ચોલીનો બ્લાઉઝ આગળના ભાગે ફાડી નાંખેલો જેથી ફરીયાદીબેન જોર જોરથી બુમો પાડતા આ કામનો આરોપી ભાગી ગયેલ અને તા.૨૪/૦૪/૨૦૨૫ ના રોજ ફરીયાદીબેનના મોટાબેન રીટાબેનનુ આણુંવાળીને ઘરે તેડી લાવેલા અને રાત્રીના સમયે ફરીયાદીબેન તથા તેના મામા સુરેશભાઈ રાજુભા ભીલ તથા મામી સુમિત્રાબેન સુરેશભાઈ ભીલનાઓ સાથે પોતાના ઘરની બહાર સુતા હતા તે વખતે તમો આરોપીએ સંતાઈને નાના નાના પથ્થરો મારી કાંકરી ચાળો કરતો હતો અને તા.૨૮/૦૪/૨૦૨૫ ના રોજ રાત્રીના આશરે બારથી એકાદ વાગ્યાના અરસામાં તમો આરોપીએ ફરીયાદીબેનના ઘરના પાછળનો દરવાજો ખોલી ગેર કાયદેસર રીતે ઘરમાં પ્રવેશ કરી ફરીયાદીબેન પાસે ગયેલા અને ફરીયાદીને જણાવેલ કે, તુ મારો ફોન કેમ ઉપાડતી નથી તે અરસામાં ફરીયાદીના નાના ભાઈ કેતનભા એ જોઈ જતા ફરીયાદીબેનના ભાઇએ પોતાના મમ્મી પપ્પાને જગડેલા જેથી તમો આરોપી ફરીયાદીબેનના દાદીમા નંદુબેનના ખાટલા નીચે સંતાઈ જઈ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૨૯(૩),૭૪,૩૫૨,૩૫૧(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે ?

(૨) શું હુકમ?

**(૯)** ઉપરોકત મુદ્દાઓ અંગેના ન્યાયિક નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**::–કારણો–::**

**<u>મુદ્દા નં.૧:–</u>**

**(૧૦) –::પુરાવાનું મૂલ્યાંકન::–**

સદર કેસમાં રજૂ તમામ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું બારીકાઈથી મૂલ્યાંકન શરુ કરવામાં આવે તે પહેલા પુરાવાના બોજા વિશે વાત કરવી આવશ્યક જણાતી હોય તે નીચે મુજબ છે.

**<u>(૧૧) પુરાવાનો બોજો (Burden of Proof):–</u>**

અત્રેની અદાલત પુરાવા અધિનિયમના એ સિધ્ધાંતથી સુવિદિત છે કે જો ફરીયાદીની એકમાત્રની જુબાની વિશ્વાસપાત્ર અને માનવાલાયક હોય તો તે આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય અને તેની સાથે પુરાવા અધિનિયમના એ પ્રસ્થાપિત સિધ્ધાંતથી પણ વાકેફ છે કે આરોપી સામેનો કોઈપણ અપરાધ હંમેશા નિ:શંકપણે પુરવાર થવો જોઈએ અને તેમાં સહેજ પણ શંકા ઉપજે તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. તે સાથે ન્યાયતંત્રના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ '**પુરાવાનું મૂલ્યાંકન**' એ શબ્દને પુરાવાના કાયદામાં ક્યાય પણ વ્યાખ્યા સ્વરૂપે સુલેખિત કરવામાં આવેલ નથી અને તે માટે કાનૂન સમર્પિત કોઈ નિયમ નથી જેથી પુરાવાનું મૂલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકત અને સંજોગો પર નિર્ધારીત હોય છે અને પુરાવાના મૂલ્યાંકન માટે પુરાવા અધિનિયમની **<u>કલમ–૧૩૪</u>** ની જોગવાઈ મુજબ કોઈ હકીકત પુરવાર કરવા ચોક્કસ સંખ્યામાં સાક્ષીઓ તપાસવા એ જરૂરી નથી અને **કલમ–3** મુજબ **Proved Disproved and Not proved** ના ખ્યાલ/ધારણા મુજબ દરેક કેસના સંજોગો અને તેમાં પડેલ પુરાવાઓ મુજબ તેની હકીકતો પુરવાર થયેલ છે કે કેમ તે માટેનો પુરાવાનો બોજો હંમેશા ફરીયાદપક્ષ પર હોય છે પરંતુ તે સાથે જે તે કેસના સંબંધિત કાયદા અંતર્ગત જ્યારે આરોપી વિરુધ્ધ કોઈ વિશિષ્ટ અનુમાન કરવામાં આવેલ હોય ત્યારે તે અનુમાનનું ખંડન કરવાની જવાબદારી બચાવપક્ષની

એટલે કે આરોપીની રહે છે. આમ, પ્રસ્તુત વર્ણવેલ સિંધ્ધાત અનુસાર નીચે મુજબ પુરાવાનુ મુલ્યાંકન કરેલ છે.

**(૧૨)** ફરીયાદપક્ષે આંક–૦૬ થી ફરીયાદી સંગીતાબેન અર્જુનભાઇ ભીલને તપાસેલ છે જેઓ પોતાની જબાનીમાં જણાવે છે કે, તેઓ તેમના ગામના સચીનભાઈ ગોરધનભાઈ ભીલનાઓ સાથે છેલ્લા પાંચેક વર્ષથી પ્રેમ સંબંધમાં હતી અને તેઓ એકબીજાની સ્વેચ્છાએ અનેકો વખત એકબીજાને રૂબરૂમાં તેમજ ફોન પર વાતચીત કરતા હતા. ત્યારબાદ તેમની મોટી બહેન રીટાબેનનો લગ્ન પસંગ હોઈ તેઓ તેમના ઘરની અગાડીમાં ઉભેલ હતી તે દરમિયાન સચીન આવેલ અને તેમને કહેલ કે તુ મારી સાથે ચાલ જેથી તેમણે જવાની ના પાડેલ જેથી સચીન ઉંચા આવજેથી તેમની સાથે વાત કરતો હતો તે દરમિયાન તેમની મમ્મી સુમીત્રાબેન નાઓ જોઈ જતા તેમની માતાએ સચીન સાથે ઉગ્ર બોલાચાલી થયેલી જેથી તેમણે સચીનને હવે ફરીથી મને મળવા ના આવતો તેવુ કહેલ આમ તેઓના પ્રેમ સંબંધ વિષેની માહીતી તેમના તેમજ સચીનના પરીવારને થતા અને સચીન તેમની મમ્મીના કોટુંબીક માસીનો દિકરો થતો હોવાના કારણે વૈચારીક વિરોધના કારણે જે તે વખતે ઉગ્ર બોલાચાલી થયેલી અને તે દરમિયાન આજુબાજુમાંથી ઘણા બધા લોકો ભેગા થઈ ગયેલા અને તે દરમિયાન લાગણીના આવેશમાં આવી જઈ તેઓના પરીવાર અને વડીલોના કહેવાથી તેમણે ફરીયાદ આપેલી. તેઓએ ફરીયાદમાં તેમની સહી ઓળખી બતાવતા ફરીયાદ આંક–૦૭ થી રજુ થયેલ છે. તેમને આજરોજ તા.૬/૫/૨૦૨૫ ના રોજ તિલકવાડા કોર્ટ ખાતે બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનુ લીધેલ નિવેદન બતાવવામાં આવે છે. તેઓએ નિવેદનમાં તેમની સહી ઓળખી બતાવતા નિવેદન આંક–૦૮ થી રજુ થયેલ છે.

**(૧૨.૧)** સદર ફરીયાદી ફરીયાદ હકીકતને સમર્થન કરતા નથી જેથી તેઓને ફરી ગયેલા જાહેર કરવાની પ્રોસીકયુશનની વિનંતીને ગ્રાહય રાખી ભારતીય પુરાવા ધારાની કલમ–૧૫૪ તળે પ્રોસીકયુશનને તેમના જ સાક્ષીની ઉલટતપાસ કરવાની પરવાનગી આપવા છતાં પ્રોસીકયુશન ફરીયાદ હકીકતને સમર્થનકારક કોઈ જ હકીકત બહાર લાવી શકેલા નથી.

**(૧૨.૨)** બચાવપક્ષ તરફેની ઉલટ તપાસમાં સદર ફરીયાદી એ હકીકતનો

સ્વીકાર કરે છે કે, તેમને સચીન સાથે છેલ્લા પાંચેક વર્ષથી પ્રેમ સબંધ હતો. અને તેઓ સ્વેચ્છાએ એકબીજાને મળતા હતા. તેમના ઘરે પ્રસંગ હતો તે દરમિયાન સચીન તેમને મળવા માટે આવેલો જે હકીકત તેમની માતાને ખબર પડતા તેણીએ તેમના કુટુંબના વડીલોને જણાવતા તેઓને આ બાબતનો વિરોધ કરેલો. તેમના સચીન સાથેના પ્રેમ સંબંધનો તેમનો પરીવાર સ્વીકાર કરતો ન હોઈ તેઓ વિરોધ કરતા હતા. સમાજમાં આ વાત ફેલાતા સચીનને સમાધાન કરવા માટે બોલાવેલો અને તે વખતે બન્ને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ધકકા મુકી જેવો માહોલ સર્જાચેલો. સચીને ફરીયાદવાળા બનાવ દરમિયાન તેમની આબરૂને હાની પહોંચે કે તેમની ઈચ્છા વિરુધ્ધ બળ પ્રયોગ કરેલ હોય તેવુ બનેલ નથી. બનાવ બાદ સચીન તેમજ તેના પરીવાર સાથે સુખદ સમાધાન થઈ ગયેલ છે અને તેઓના કાયદેસરના લગ્ન પણ થઈ ગયેલ છે અને તેઓ આજે પણ પતિ–પત્ની તરીકે સાથે રહે છે. સચીને પણ બનાવ બાબતે તેમના વિરૂધ્ધ ફરીયાદ કરેલ છે જેનો કેસ અત્રેની કોર્ટમાં ચાલે છે. તેઓના એકબીજાની વિરુધ્ધ કરેલ બન્ને કેસોનું સમાધાન થઈ ગયેલ છે. સચીને તેમને કોઈ ધમકી આપેલ હોય કે મારૂ ચારીત્ર હનન કરેલ હોય તેવુ બનેલ નથી.

**(૧૨.૩)** સદરહુ ફરીયાદીનો પુરાવો ધ્યાનમાં લેતા સાહેદ ફરીયાદ આપનાર પોતાની જુબાનીમાં બનાવમાં તેમને સચીન સાથે છેલ્લા પાંચેક વર્ષથી પ્રેમ સબંધ હતો અને તેઓ સ્વેચ્છાએ એકબીજાને મળતા હતા. માત્ર સામાન્ય બોલાચાલી થયેલ અને ધકકામુકીજેવો માહોલ સર્જાચેલો. સચીને ફરીયાદવાળા બનાવ દરમિયાન તેમની આબરૂને હાની પહોંચે કે તેમની ઈચ્છા વિરુધ્ધ બળ પ્રયોગ કરેલ હોય તેવુ બનેલ નથી. બનાવ બાદ સચીન તેમજ તેના પરીવાર સાથે સુખદ સમાધાન થઈ ગયેલ છે અને તેઓના કાયદેસરના લગ્ન પણ થઈ ગયેલ છે અને તેઓ આજે પણ પતિ–પત્ની તરીકે સાથે રહે છે. સચીને પણ બનાવ બાબતે તેમના વિરૂધ્ધ ફરીયાદ કરેલ છે જેનો કેસ અત્રેની કોર્ટમાં ચાલે છે. તેઓના એકબીજાની વિરુધ્ધ કરેલ બન્ને કેસોનું સમાધાન થઈ ગયેલ છે. સચીને તેમને કોઈ ધમકી આપેલ હોય કે મારૂ ચારીત્ર હનન કરેલ હોય તેવુ બનેલ નથી તે તેઓ કબુલ રાખે છે.

**(૧૩)** આમ,ઉપરોક્ત ફરીયાદપક્ષ તરફે રજુ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં

ફરીયાદીની આંક-૭ થી રજુ ફરીયાદ બાબતની જુબાની ધ્યાને લેતાં આરોપી વિરૂધ્ધ ફરમાવેલ તહોમતનામા મુજબ વિગતે એટલે કે આરોપી ફરીયાદી તેમજ ભોગબનનારને લગ્ન પ્રસંગે રાત્રીના સમયે તેઓને બોલાવી જઇ જાનથી મારી નાખવાની ધમકી આપી પોતાની પાસે લઇ જવાની હઠ પકડી તેમજ ફરીયાદીનો બ્લાઉઝ ફાડી નાખી અને તે દરમ્યાન આજુબાજુમાંથી લોકો ભેગા થઇ જતાં માણસો પર પથ્થરમારો કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૨૯(૩),૭૪,૩૫૨,૩૫૧(૨)મુજબનો ગુનો કરેલ હવા અંગેની હકીકતને ફરીયાદીની જુબાનીથી સમર્થન મળતુ નથી.

વધુમાં આ કામે હાલના બનાવની ફરીયાદ દાખલ થયા બાદ ત.ક.અમલદારે ભોગબનનારનુ બી.એન.એસ.એસ ની કલમ-૧૮૩ મુજબનુ સ્ટેટમેન્ટ રેકર્ડ કરાવેલ છે જે આ કામે આંક-૮ થી રજુ છે.સદરહું સ્ટેટમેન્ટની વિગતો ધ્યાને લેતાં આરોપી વિરૂધ્ધ ફરમાવેલ તહોમતનામા મુજબના આક્ષેપો વાળી હકીકતો જણાવેલ છે પરંતુ ફરીયાદીએ તેઓની આંક-૬ લગતની જુબાનીમાં ઉપરોક્ત નિવેદનમાં વર્ણવેલ હકીકતો જણાવેલ નથી. આમ, ફરીયાદીનો સમગ્ર પુરાવો વંચાણે લેતાં ફરીયાદી તેમજ આરોપી બનાવ પાંચેક વર્ષ અગાઉથી એકબીજાના પ્રેમ સબંધમાં હોઇ જેનો ફરીયાદીના પરિવારજનો વિરોધ કરતાં અને તે બાબતે ફરીયાદીના ઘરમાં ફરીયાદ મુજબનો બનાવ બનેલ હોય અને તેમાં બનાવના આક્ષેપો વચ્ચે માત્ર ઉગ્ર બોલાચાલી અને ધક્કામુકી થયેલ હોવાનુ જણાઇ આવતુ હોઇ ફરીયાદપક્ષે આંક-૪ મુજબનુ તહોમતનામુ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાનું અત્રેની કોર્ટનું માનવુ છે જેથી ન્યાયના વિશાળ હિતમાં મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) આ કામના આરોપી સચિનભાઇ ગોરધનભાઇ ભીલ રહે.ચિચડીયા,નિશાળ ફળીયુ,તા.ગરૂડેશ્વર,જી.નર્મદાને બી.એન.એસ.એસ ની કલમ-૨૭૧(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૨૯(૩),૭૪,૩૫૨,૩૫૧(૨) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૨) બી.એન.એસ.એસ ની કલમ–૪૮૧ અન્વયે આરોપીઓના જામીન તથા જાત મુચરકા અપીલ સમય માટે લંબાવી આપવા અથવા જો જામીનદાર ઉપલબ્ધ ન હોય તો પ્રત્યેક આરોપીએ અપીલ સમય માટે રૂા. ૫,૦૦૦/– ના જાતજામીન રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

હુકમ આજરોજ તારીખ ૦૮ મી, માહે એપ્રિલ, સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા.૦૮/૦૪/૨૦૨૬**
**સ્થળ: ગરૂડેશ્વર**

**(જે.એમ.દવે)**
**જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**ગરુડેશ્વર, જી.નર્મદા**
**જીજે.૦૧૬૨૭**